# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
Phone : (079) 232-58659 | Website : https://gujrera.gujarat.gov.in

ગુજરેરા/ઓર્ડર/૯૮/૨૦૨૪ તા.૨૯/૧૦/૨૦૨૪

વિષય: રીયલ એસ્ટેટ પ્રોજેક્ટની તમામ પ્રકારની જાહેરાત,પ્રોસ્પેક્ટસ(બ્રોશર),બુકિંગ ફોર્મ, એલોટમેન્ટ લેટર વિગેરેમાં યુનિક રેરા રજીસ્ટ્રેશન નંબર, રેરા વેબસાઈટ અને ક્યુ.આર. કોડ QR Code (Quick Response Code) દર્શાવવા બાબત.

સંદર્ભ: (૦૧) ગુજરેરા ઓથોરીટીનો તા. ૩૧/૧૨/૨૦૧૮ નો સર્ક્યુલર નં. ૧૩,

(૦૨) ગુજરેરા ઓથોરીટીનો તા. ૦૪/૦૧/૨૦૨૦ નો સર્ક્યુલર નં. ૧૮.

## પ્રસ્તાવના

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ-૧૧(૨) મુજબ કોઈપણ રેરા રજીસ્ટર્ડ રીયલ એસ્ટેટ પ્રોજેક્ટની કોઈપણ માધ્યમથી થતી જાહેરાત કરતા સમયે કે પ્રોસ્પેક્ટ્સ બહાર પાડતી વખતે સંબંધિત પ્રોજેક્ટનો રેરા રજીસ્ટ્રેશન નંબર અને રેરા ઓથોરીટીની વેબસાઈટ દર્શાવવાનું ફરજિયાત છે. જેથી રસ ધરાવતી કોઈપણ વ્યક્તિને પ્રોજેક્ટ સંબંધિત માહિતી વેબપેજ ઉપરથી સરળતાથી મળી શકે.

ઉપરોક્ત સંદર્ભ નં. (૦૧) માં જણાવેલ સર્ક્યુલરથી વર્તમાનપત્ર, પ્રિંટ અને ડિજીટલ મીડિયામાં આખો રજીસ્ટ્રેશન નંબર અને રેરા વેબસાઈટની લિંક (યુ.આર.એલ.) દર્શાવવા તથા આઉટડોર પબ્લિસીટી જેમ કે; મોટી સાઈઝના હોર્ડિંગ વિગેરેમા યુનિક રજીસ્ટ્રેશન નંબર **RAA / MAA / CAA / PAA** થી શરૂ થતા ૦૮ ડીજીટ નો યુનિક નંબર અને તે સાથે રેરા વેબસાઈટની લિંક દર્શાવવા તથા ઓડીયો – વિઝ્યુઅલ મીડિયા માધ્યમમાં પણ સમાન પ્રકારે ટૂંકો નંબર દર્શાવી પ્રચાર પ્રસાર કરવા બાબતે આદેશો કરેલ.

ઉપરોક્ત સંદર્ભ નં. (૦૨) માં જણાવેલ સર્ક્યુલરથી પ્રોજેક્ટની જાહેરાત સમયે પ્રોજેક્ટના રેરા રજીસ્ટ્રેશન નંબર અને રેરા વેબસાઈટના ફોન્ટની સાઈઝ કોન્ટેક્ટ ડિટેઈલ્સની સાઈઝ જેટલી કે તેથી મોટી હોય તે બાબતને નિર્ધારિત કરેલ.

પ્રોજેક્ટની જાહેરાતમાં હાલનો રજીસ્ટ્રેશન નંબર ઘણી બધી વિગતોને સાંકળી લેતો હોવાથી ખૂબ લાંબો બની જાય છે તેથી તેને સમાચારપત્રો કે અન્ય જાહેરાતના માધ્યમોમાં દર્શાવવું હેતુપૂર્ણ

અને વ્યવહારુ બનતું નથી. તેથી પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન નંબરમાં સમાવિષ્ટ ૦૮ ડીજીટ નો યુનિક નંબર કે જેનો ઉપયોગ કરી રેરા વેબસાઈટ પર પ્રોજેક્ટની માહિતી જોઈ શકાય તેમ હોય ફક્ત યુનિક રેરા રજીસ્ટ્રેશન નંબર, રેરા વેબસાઈટની લિંક અને ક્યુ. આર. કોડ **QR Code (Quick Response Code)** અલોટી અને પ્રમોટર વચ્ચેના મહત્વના દસ્તાવેજી પુરાવાઓ જેવા કે બુકિંગ ફોર્મ , એલોટમેન્ટ લેટર તથા પ્રમોટર દ્વારા કરવામાં આવતી જાહેરાતોમાં દર્શાવવામાં આવે તો સ્ટેકહોલ્ડર્સને **QR Code** ના માધ્યમથી સંબંધિત પ્રોજેક્ટના વેબપેજ પરથી જરૂરી માહિતી સરળતાથી પ્રાપ્ત થઈ શકે તે માટે અધિનિયમની કલમ-૩૭ થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: <u>હુકમ</u> ::-

(૧) રેરા એક્ટની જોગવાઈ મુજબ રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ બાબતે કોઈપણ માધ્યમથી કરવામાં આવતી જાહેરાતોમાં તથા પ્રોસ્પેક્ટસમાં રેરા વેબસાઈટની યુ.આર.એલ **(https://gujrera.gujarat.gov.in)** તથા યુનિક રેરા રજીસ્ટ્રેશન નંબર દર્શાવવાના રહેશે. પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટમાં દર્શાવેલ નંબર પૈકી ફક્ત યુનિક નંબર **RAA / MAA / CAA / PAA / CN / MN** (દા.ત. **RAA99999, RN251AA10151, CN27AA09927, MN111AA10011)** દર્શાવવાનો રહેશે.

(૨) પ્રોજેક્ટની જાહેરાત તથા પ્રોસ્પેક્ટસ (બ્રોશર)માં પ્રોજેક્ટ રજીસ્ટ્રેશનના પ્રમાણપત્રમાં આપવામાં આવેલ ક્યુ.આર. કોડ **QR Code (Quick Response Code)** સરળતાથી સ્કેન કરી શકાય તે પ્રકારે દર્શાવીને જ જાહેરાત કરવાની રહેશે.

(૩) જાહેરાત કે પ્રોસ્પેક્ટસમાં દર્શાવવામાં આવેલ પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન નંબર તથા વેબસાઈટ સરળતાથી વાંચી શકાય તે હેતુથી કોન્ટેક્ટ ડીટેઈલ જેટલા કે તેથી વધુ ફોન્ટ સાઈઝના દર્શાવવાના રહેશે.

(૪) એલોટીને આપવામાં આવતા બુકિંગ ફોર્મ તથા એલોટમેન્ટ લેટરમાં રેરા રજીસ્ટ્રેશન નંબર, રેરા વેબસાઈટ ઉપરાંત ક્યુ.આર. કોડ QR Code (Quick Response Code) અવશ્ય દર્શાવવાના રહેશે.

(૫) આ પ્રમાણે યુનિક (ટૂંકો) રજીસ્ટ્રેશન નંબર માત્ર પ્રોજેક્ટની કોઈપણ માધ્યમથી કરવામાં આવતી જાહેરાત સમયે જ ઉપયોગમાં લઈ શકાશે. તમામ દસ્તાવેજી આધારો અને / અથવા કોઈપણ સરકારી પત્રવ્યવહાર સમયે સમગ્ર રજીસ્ટ્રેશન નંબરનો જ ઉપયોગ કરવાનો રહેશે.

(૬) સર્ક્યુલર–૧૩ અને ૧૮ માં સૂચવેલ બાબતને પ્રસ્તુત હુકમમાં સમાવેલ હોય બન્ને સર્ક્યુલર બિન અમલી ગણવાના રહેશે.

(૭) આ હુકમનો અમલ તા. ૦૧/૧૧/૨૦૨૪ થી ચુસ્તપણે કરવા સબંધિતોને સૂચિત કરવામાં આવે છે. આ હુકમની સૂચના મુજબ કાર્યવાહી ન કરવાના સંજોગોમાં ઓથોરીટી દ્વારા કલમ–૬૩ મુજબ રેગ્યુલેટરી એક્શન તરીકે દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ખાસ સચિવ
ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,
ગાંધીનગર

(માન.ઓથોરીટીની તા. ૧૬/૧૦/૨૦૨૪ના રોજ નોંધ પર મળેલ મંજૂરી મુજબ)